सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૦ | ૦૭ | ૨૦૨૨ |
| નોંધ્યા તારીખ | ૨૦ | ૦૭ | ૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૦૨ | ૦૪ | ૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**મે. ચોથા એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શ્રી આર.પી.એસ રાઘવ સાહેબની અદાલતમાં. અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા, મુ. અમદાવાદ.**

# સેશન્સ કેસ નં. ૧૮૭/૨૦૨૨

## અસલાલી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૫૮/૨૦૦૪

**આંક–**

**શ્રી સરકાર**

થ્રુ એડી. પી.પી.શ્રી એડિશનલ સેશન્સ કોર્ટ,

અમદાવાદ(ગ્રામ્ય)નવરંગપુરા, મુ.અમદાવાદ. ................**ફરિયાદી**

**વિરૂધ્ધ**

**અનિલસીંગ મુન્સીસીંગ શીવચરણસીંગ ઠાકુર (રાજપૂત),**

ઉ.વ. ૨૭,

રહે. ગામ–જોહરપુર, તા.જી.બાંદા, ઉત્તરપ્રદેશ. ..................**આરોપી**

---

**ગુનો ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૪૯૮(ક) તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૩, ૭ મુજબ.**

---

**ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એડી.પી.પી.શ્રી એસ.બી.પટેલ.**
**બચાવ પક્ષ તર્ફે વિધ્વાન વકીલ શ્રી જે.ટી.પ્રજાપતિ.**

---

**<u>ચુ કા દો</u>**

**<u>ફોર્મ – બી (ક્રિમીનલ મેન્યુલ)</u>**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૨–૦૫–૨૦૦૪ કલાક ૧૪.૩૦. |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૭–૦૫–૨૦૦૪. |
| ચાર્જશીટની તારીખ | ૦૪–૦૮–૨૦૦૪. |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૦૭–૦૯–૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૯–૦૧–૨૦૨૩ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૧૭–૦૩–૨૦૨૫ |
| ચુકાદો આપ્યાની તારીખ | ૦૨–૦૪–૨૦૨૫ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | –– |

(૧) સદર કામે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૪૯૮(ક) તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૩, ૭ મુજબનો ગુનો અસલાલી પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૫૮/૨૦૦૪ થી નોંધવામાં આવેલ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૧૨–૦૫–૦૪ ક. ૧૪/૩૦ વાગે મોજે અસલાલી જામપરામાં આ કામે મરણ જનાર સીમાબેનને શારીરિક તથા માનસિક ત્રાસ આપી મેણાં–ટોણાં મારતા હોય અને દહેજમાં મોટર સાયકલ તથા તોલાની જાંજરી માંગતા હોય, સીમાબેન કંટાળી જતાં રૂમ બંધ કરી

પોતાના શરીર ઉપર ડિઝલ રેડી આખા શરીરે દાઝી જઈ મોત નિપજાવેલ હોય, જે અન્વયે ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા હાલની ફરિયાદ આપેલ.

(૨.૧) સમગ્ર તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૪૯૮(ક) તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૩, ૭ મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની સેશન્સ કોર્ટમાં દાખલ કરેલ, જે સેશન્સ કેસ નં. ૧૮૭/૨૦૨૨ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૩) સદરહુ કેસ રજીસ્ટરે લીધા બાદ આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળો મળેલ છે, તેની ખાતરી કર્યાબાદ સદર ગુનાનું તહોમતનામું ફરમાવવા બાબતે ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એડી. પી.પી.શ્રીને તથા આરોપી તર્ફે ના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા. બાદમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮ અન્વયે આરોપી વિરૂધ્ધ ન્યાયાધીશશ્રી એ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૪૯૮(ક) તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૩, ૭ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગેનું તહોમતનામું **આંક–૦૫** થી તારીખ **૦૭–૦૯–૨૦૨૨** ના રોજ ફરમાવી સદરહુ તહોમનામું આરોપીને વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ **આંક–૦૬** ના નિવેદનથી ઉપરોકત ગુનાનો ઈન્કાર કરતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) સદર કામે ફરિયાદપક્ષે પોતાના કેસની સાબિતીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ ઈલાબેન હર્ષદભાઈ પટેલની જુબાની | ૧૦ |

| | | |
|---|---|---|
| ૨ | પંચ સાહેદ વનરાજભાઈ સનાભાઈ ઝાલાની જુબાની | ૧૨ |
| ૩ | પંચ સાહેદ અશોકભાઈ શાંતિભાઈ પટેલની જુબાની | ૧૪ |
| ૪ | ડો.જયશ્રી ચંપકલાલ કાયસ્થની જુબાની | ૧૮ |
| ૫ | સાહેદ ભગવાનભાઈ હરિભાઈ બઘેલની જુબાની | ૩૧ |
| ૬ | સાહેદ મુન્નીબેન ભગવાનભાઈ બઘેલની જુબાની | ૩૨ |
| ૭ | સાહેદ દિનેશસિંહ હુકમસિંહ રાજપૂતની જુબાની | ૩૩ |
| ૮ | આઈ.ઓ. પો.સ.ઈ. જયેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ વાઘેલાની જુબાની | ૩૬ |

## <u>દસ્તાવેજી પુરાવો</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ઈન્કવેસ્ટ પંચનામું | ૧૧ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૫ |
| ૩ | પી.એમ.નોટ | ૧૯ |
| ૪ | લાશ પરના સેમ્પલ સીલબંધ હાલતમાં એફ.એસ.એલ. માં મોકલવા માટે પોલીસ અધિકારીને આપેલ ફોર્મ | ૨૦ |
| ૫ | ફરિયાદ | ૩૭ |
| ૬ | સૂચિપત્ર | ૩૮ |
| ૭ | એફ.એસ.એલ. નો પત્ર અને રિપોર્ટ | ૩૯ |
| ૮ | સ્થળ પરીક્ષણનો રિપોર્ટ | ૪૦ |
| ૯ | એફ.એસ.એલ. ની પહોંચ | ૪૧, ૪૨ |
| ૧૦ | સેમ્પલ એફ.એસ.એલ. માં મોકલેલ તેની યાદી | ૪૩ |
| ૧૧ | રવાનગી નોંધ | ૪૪ |

(૫) ત્યારબાદ, સદર કેસમાં ફરિયાદી પક્ષને બીજા કોઈ સાક્ષી તપાસવા ના હોવાથી વિ.એ.પી.પી.શ્રીએ આંક-૪૫ થી કલોઝિંગ પુરસીસ આપતાં, ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો.

(૬) ત્યારબાદ, સદર કેસમાં આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, ખોટી રીતે સદર ગુન્હામાં સંડોવી દીધેલ છે.

(૭) ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એડી. પી.પી.શ્રી એસ.બી.પટેલ હાજર થયેલ છે, અને તેઓએ તેમની દલીલમાં મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, આ કામના આરોપીએ મોજે અસલાલી જામપરામાં આ કામે મરણ જનાર સીમાબેનને શારીરિક તથા માનસિક ત્રાસ આપી મેણાં–ટોણાં મારતા હોય અને દહેજમાં મોટર સાયકલ તથા તોલાની જાંજરી માંગતા હોય, સીમાબેન કંટાળી જતાં રૂમ બંધ કરી પોતાના શરીર ઉપર ડિઝલ રેડી આખા શરીરે દાઝી જઈ મોત નિપજાવેલ હોય, આરોપીને તહોમતનામામાં જણાવ્યા મુજબના ગુનાઓમાં મહત્તમ કેદ તથા દંડની સજા કરવાની રજૂઆત કરેલ છે.

(૮) જયારે બચાવપક્ષ તર્ફેના વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલમાં મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, ફરિયાદપક્ષે તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. આ કામના આરોપી નિર્દોષ છે, ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દીધેલ છે. આરોપીએ ભોગબનનાર એટલે કે તેમની પત્નીને શારીરિક તથા માનસિક ત્રાસ આપી મેણાં–ટોણાં મારેલ નથી કે દહેજમાં મોટર સાયકલ તથા તોલાની જાંજરી માંગેલ નથી કે જેથી મરણ જનારને શરીર ઉપર ડિઝલ રેડી આખા શરીરે દાઝી જઈ મોત નિપજાવવું પડે. વધુમાં રજૂઆત કરતા જણાવેલ છે કે, સદર કામે ફરિયાદીને તપાસવામાં આવેલ નથી. તેવી જ રીતે અન્ય સાહેદે પણ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી, અને સદર કામે ત્રણેય પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. આમ, જયારે ફરિયાદપક્ષના તપાસાયેલ સાક્ષીઓ ફરિયાદપક્ષના

કેસની હકીકતને સમર્થન આપતા ન હોય, ઉપરોકત હકીકતો લક્ષમાં લઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાની રજૂઆત કરવામાં આવેલ છે.

(૯) સદર કામે રેકર્ડ ઉપરની હકીકતો, રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તેમજ બન્ને પક્ષોની રજૂઆત ધ્યાને લેતા સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૨–૦૫–૦૪ ક.૧૪/૩૦ વાગે મોજે અસલાલી જામપરામાં આ કામે મરણ જનાર સીમાબેનને શારીરિક તથા માનસિક ત્રાસ આપી મેણાં–ટોણાં મારતા હોય અને દહેજમાં મોટર સાયકલ તથા તોલાની જાંજરી માંગતા હોય, સીમાબેન કંટાળી જતાં રૂમ બંધ કરી પોતાના શરીર ઉપર ડિઝલ રેડી આખા શરીરે દાઝી જઈ મોત નિપજાવી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૪૯૮(ક) તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૩, ૭ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## કા ર ણો

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા.</u>**

(૧૧) સદરહુ ઉપરોકત મુદ્દાઓના સંદર્ભે ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એડી.પી.પી.શ્રી તથા બચાવ પક્ષ તર્ફે તેમના વિધવાન વકીલશ્રીની મૌખિક

દલીલો સાંભળી. આ કામે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને તથા વંચાણે લીધો.

(૧૨) ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ ફરિયાદપક્ષ આરોપી સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન કરવાનુ અદાલત માટે ફરજિયાત હોય છે. બીજા શબ્દોમાં આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરિયાદપક્ષ ઉપર લાદવામાં આવેલ છે. જયારે આરોપી પક્ષે તેવી હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે, સંભવિતાના સિધ્ધાંત મુજબ સાબિત કરવાની હોય છે. એ સ્થાપિત છે કે, ફરિયાદપક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીને મળવા પાત્ર બને છે. હવે ઉપરોકત કાયદાની સ્થાપિત સ્થિતિને લક્ષમાં લઈ ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

(૧૩) ઉપરોકત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી, આરોપી સામે આક્ષેપિત ગુના -ના તત્વો ધ્યાને લઈ, ફરીયાદ પક્ષના કેસ અનુસંધાને રેકર્ડ ઉપરના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષે આંક-૧૧ થી ઈન્કવેસ્ટ પંચનામું તથા આંક-૧૫ થી બનાવ વાળી જગ્યાનાં પંચનામાઓ રજુ કરેલ છે. આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ સદરહુ પંચનામાઓ ધ્યાને લેતી વખતે, સર્વ પ્રથમ સદર પંચનામાઓની હકીકત ફરીયાદ પક્ષે સાબિત કરવામાં આવેલ છે કે કેમ? તે અંગે આ કોર્ટને નામદાર ગુજરાત હાઈકોર્ટનો **૧૯૮૮(૨) જી.એલ.એચ. ૫૧૫ પરના મેર વેજા મેરામણ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. જે ચુકાદામાં પંચનામાની સાબીતી અંગે ઠરાવેલ છે કે, “Panchnama can be used only to corroborate the evidence of the panch and not as a substantive piece of

evidence. A panchnama which can be used only to corroborate the panch has to be read over to the Panch and only thereafter it can be exhibited. If the panch has omitted to state something which is found in the panchnama, then after reading the panchnama the panch has to be asked whether that portion of the panchnama is correct or not and whatever replay he gives has to be recorded. If he replies in affirmative, then only that portion of the panchnama can be read to corroborate the substantive evidence of the Panch. If he replies in negative, then that part of panchnama can not be read in evidence for want of substantive evidence on record.”

(૧૪) આમ, પંચનામાની સાબિતી તથા તેનુ પુરાવામાં મુલ્યાંકન અંગે પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત સિધ્ધાંત ઘ્યાને લેતાં, સદરહુ પંચનામાઓ તથા તેના સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરવામા આવે તો આ કામે ફરીયાદ પક્ષે આંક–૧૦ થી પંચ સાહેદ ઈલાબેન હર્ષદભાઈ પટેલને તથા આંક–૧૨ થી પંચ સાહેદ વનરાજભાઈ સનાભાઈ ઝાલા નાંઓને આંક–૧૧ નાં ઈન્કવેસ્ટ પંચનામા અંગે તપાસવામાં આવેલ છે. સદર બંને સાહેદોની સર–તપાસ ઘ્યાને લેતાં આ બંને સાહેદોએ તેમની સર–તપાસમાં આંક–૧૧ ના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ, ત્યારબાદ તેઓએ સદરહુ પંચનામાની મહત્વની હકીકતોનો તેઓની સરતપાસમાં સમર્થન ના આપતાં, ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવારની ઉલટ–તપાસ કરવામાં આવેલ છે. તેમ છતાં આ બંને પંચ સાહેદોએ ફરિયાદ પક્ષની ઉલટ–તપાસમાં પણ સદર ઈન્કવેસ્ટ પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી અને તેઓની આરોપી પક્ષની ઉલટતપાસ લેવામાં આવતાં, એ હકીકતને સ્વીકારેલ છે કે, તેઓ કોઈ ગુનાવાળી જગ્યાએ ગયેલ નથી કે તેઓએ કોઈ લાશ જોયેલ

નથી. વધુમાં એ હકીકતને સ્વીકારેલ છે કે, તેઓએ તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી તે સિવાય પંચનામાની હકીકતો બાબતે કાંઈ જાણતા નથી. આમ, ફરિયાદ પક્ષ સદર બંને પંચ સાહેદોની જુબાની થકી ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતો સાબિત કરી શકેલ નથી.

(૧૫) વધુમાં આ કામે ફરીયાદ પક્ષે આંક–૧૪ થી પંચ સાહેદ અશોકભાઈ શાંતિ–ભાઈ પટેલને આંક–૧૫ નાં બનાવવાળી જગ્યાના પંચનામા અંગે તપાસવામાં આવેલ છે. સદર સાહેદની સર–તપાસ ધ્યાને લેતાં આ સાહેદે તેમની સર–તપાસમાં આંક–૧૫ ના પંચનામામાં તેઓની તથા પંચ–૧ તરીકે અનિલભાઈ પટેલની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ, ત્યારબાદ તેણે સદરહુ પંચનામાની મહત્વની હકીકતોનો તેની સરતપાસમાં સમર્થન ના આપતાં, ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવારની ઉલટ–તપાસ કરવામાં આવેલ છે. તેમ છતાં આ પંચ સાહેદે ફરિયાદ પક્ષની ઉલટ–તપાસમાં પણ સદર બનાવવાળી જગ્યાના પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી અને તેની આરોપી પક્ષની ઉલટતપાસ લેવામાં આવેલ નથી. આમ, ફરિયાદ પક્ષ સદર પંચ સાહેદની જુબાની થકી બનાવવાળી જગ્યાના પંચનામાની હકીકતો સાબિત કરી શકેલ નથી.

(૧૬) આ કામે ફરિયાદપક્ષ તર્ફે આંક–૧૮ થી તપાસવામાં આવેલ સાહેદ ડો. જયશ્રી ચંપકલાલ કાયસ્થનાઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ હાલ મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે અને વર્ષ ૨૦૦૪ માં તેઓ મેડિકલ ઓફિસર અસલાલી તરીકે ફરજ બજાવતી હતી ત્યારે તા.૧૩.૫.૦૪ ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે પી.એસ.આઈ.શ્રી અસલાલી પો.સ્ટે. ના ઈન્કવેસ્ટ–ના આધારે તથા પો.કો. બ.નં. ૧૧૨૬ અસલાલી પો.સ્ટે. ધ્વારા લાવવામાં

આવેલ શબનું તેઓએ તથા સાથી ડો.ભાવનાબેન કીરી, મેડિકલ ઓફિસર, જેતલપુર તથા ડો.વી.આર.પાટીલ, આસી. પ્રોફેસર ફોરેન્સિક મેડિસીન, સીવીલ હોસ્પિટલ, અમદાવાદ સાથે પી.એમ. કરેલ હતું અને લાશને પો.કો. તથા પી.એમ. રૂમ સર્વન્ટે ઓળખેલ હતું. લાશ તા. ૧૨.૫.૦૪ ના રોજ રાત્રે ૯.૧૫ કલાકે મળેલ હતી. જેનું પી.એમ. તા. ૧૩.૫.૦૪ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શરૂ કરી ૧૨.૩૦ કલાકે પુર્ણ કરેલ હતું. વધુમાં જણાવેલ છે કે, લાશના બાહય દેખાવમાં સ્ત્રી આશરે ૩૧ વર્ષની ઉંમર જણાયેલ અને લાશ સળગી ગયેલ હાલતમાં મળેલ હતી. બ્લાઉઝનો કાપડ બળી ગયેલ હાલતમાં તથા કાળી પડી ગયેલ હાલતમાં ડાબા કાંડા ઉપર હતું. પીળા કલરની ધાતુની વીંટી ડાબા હાથની ત્રીજી આંગળીમાં હતી. બે સફેદ ધાતુની વીંટી બંને પગના બીજા અંગુઠામાં હતી. એક સફેદ ધાતુની ચેઈન બંને પગમાં હતી. પીળા કલરની ધાતુ વાળી ઈયરીંગ જમણા કાનમાં હતી. ચાર કાચની બંગડી જમણા કાંડામાં તથા પાંચ કાચની બંગડી ડાબા કાંડામાં હતી. દરેક ધાતુની વસ્તુ ઉપર આગની અસર હતી. વધુમાં જણાવેલ છે કે, બોડી ઓળખાયેલ હતી. બોડી સામાન્ય બંધારણ વાળી તથા સામાન્ય પોષણ વાળી હતી. આખા શરીરે હીટ સ્ટીફનીંગ (ગરમીના કારણે જકડાઈ ગયેલ) હતી. પી.એમ. લીવીડીટી એપ્રીશીએબલ ન હતી. બોડીની આંખો બંધ હતી મોઢુ બંધ હતું જીભ ૨ સે.મી. જેટલી બહાર હતી અને તે સળગી ગયેલ હાલતમાં હતી. ડાબો કાન સળગી ગયેલ હતો. માથાના વાળ તથા શરીરમાં થી કેરોસીન જેવી સ્મેલ આવતી હતી. ત્રીજા થી ચોથા ડીગ્રી બર્નસ બાહય જનનાંગ ઉપર હતું. બહારના જનનાંગ એનેટોમીકલી ઓળખી શકાય તેમ ન હતાં. બંને પગ દાઝી ગયેલ હતાં. બીજા થી ત્રીજી ડીગ્રીના બર્નસ મોઢા તથા માથા ઉપર હતું. આઈબ્રો આંખની પાપણો (આઈલેશ) ટોટલી સળગી ગયેલ હતી. માથાના વાળ લગભગ સળગી ગયેલ હતાં. બીજા થી ત્રીજા ડીગ્રી બર્નસનું આખા જમણા હાથ પર હતું. ચોથી પાંચમી થી માંડી છઠઠી ડીગ્રીનું બર્નસ આખા ડાબા હાથમાં

હતું. ડાબા હાથના કોણીના સાંધો તથા ખભાના સાંધાના હાડકા બહાર નીકળી આવેલ હતાં. ત્રીજી થી ચોથી ડીગ્રીનું બર્નસ છાતીના ભાગે હતું. ચોથી થી પાંચમી ડીગ્રીનું બર્નસ આખા પેટ ઉપર હતું અને પેટની દિવાલ ટોટલી સળગી ગયેલ હતી. પેટનું પોલાણ ખુલી ગયેલ હતું. પ્યુબીક હાડકું તથા સીમ્ફાઈસીસ હાડકું બહાર આવી ગયેલ હતું અને સળગી ગયેલ હતું. આંતરડાના ગુંચળા બહાર આવી ગયેલ હતાં તથા સળગી ગયેલ હતાં. થોડા ગુંચળા સળગી ગયેલ ન હતાં. યકૃત બહાર આવી ગયેલ હતું અને સળગી ગયેલ હતુ પરંતુ ઓળખી શકાય તેમ હતું. બરોળ બહાર આવી ગયેલ હતું તથા સળગી ગયેલ હતું. ગર્ભાશય બહાર આવી ગયેલ હતું. ચોથા થી માંડીને છઠઠા ડીગ્રીનું બર્નસ બંને થાઈ ઉપર હતું. ત્રીજા થી ચોથી ડીગ્રીનું બર્નસ બંને પગ અને પંજા ઉપર હતું. ચામડી બંને પગની ઉતરી ગયેલ હતી. પાંચ થી છઠઠી ડીગ્રીનું બર્નસ આખી પીઠ ઉપર હતું અને કરોડ રજજુ ખુલી ગયેલ હતું. પાંસળા તથા પેટની પોલાણ ખુલી ગયેલ હતી. બંને કીડની સળગી ગયેલ તથા મીસીંગ હતી. બંને પોપલીટીયલ ફોસાના હાડકા બહાર આવી ગયેલ હતાં. દાઝી ગયેલ ભાગનો બેઝ લાલ કલરનો હતો. વધુમાં જણાવેલ છે કે,શરીર–ની આંતરીક તપાસ કરતા માથાના ભાગે કોઈ બાહય ઈજા ન હતી. મગજ કંજેસ્ટેડ અને ઈડીમેટસ હતું. શ્વાસનળીમાં કાર્બન પાર્ટીકલ્સ હતાં. બંને ફેફસા શેકાય ગયેલ કંજેસ્ટેડ અને ઈડીમેટસ હતાં. પેરીકાર્ડીયમ અને હયદય કંજેસ્ટેડ હતાં. પેટની પેરીટોનીયમ બળી ગયેલ હતું. પચાસ એમ.એલ. જેટલું પીળા કલરનું અર્ધ પચેલ ખોરાક હોજરીમાં હતો. મ્યુકોઝા નોર્મલ હતું. નાનુ અને મોટુ આંતરડું પાર્ટલી સળગી ગયેલ હતું. યકૃત સળગી ગયેલ અને કંજેસ્ટેડ હતું. સુપ્રારીનલ્સ અને બરોળ બળી ગયેલ હતું. બંને કીડનીઓ સળગી જવાના કારણે શરીરમાંથી મળેલ ન હતી. ગર્ભાશય નાનુ અને નોન પ્રેગ્નેન્ટ હતું. બધા અવયવો જેવા કે હોજરી અને નાનુ આંતરડું, યકૃત અને બરોળના ટુકડા  આ તમામ વીસેરા પ્રીઝરવેટીવ નાંખીને તથા પ્રીઝરવેટીવ સોલ્યુશનની અલગ બોટલ તથા માથાના

વાળ અલગ બોટલમાં લેબલ અને સીલ કરીને પોલીસને એફ.એસ.એલ. ફોર્મ સાથે લેબોરેટરીમાં આપવા માટે આપવામાં આવેલ. વધુમાં જણાવેલ છે કે, મરણનું કારણ શોક, દાઝી જવાના કારણે હતું. વધુમાં સદર સાહેદને માર્ક ૮/૬ થી રજુ પી.એમ. નોટ બતાવવામાં આવતાં, જેમાં ભરેલ વિગતો તેઓના હસ્તાક્ષરમાં અને તેની નીચે તેઓની તથા સાથી મેડિકલ ઓફિસરશ્રીની સહી તથા હોદદાનો સિકકો કરેલ હોવાનું ઓળખી બતાવી જેને પુરાવામાં આંક –૧૯ થી રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, લાશ પરની તમામ ઈજા મૃત્યુ પહેલાની હતી. વધુમાં કોઈ વ્યકિત કેરોસીન નાંખી સળગી જાય તો આ પ્રકાર –ની ઈજાઓ થઈ શકે છે અને તેનાથી મૃત્યુ સંભવી શકે છે તેમ સદર સાહેદે જણાવેલ છે. વધુમાં સદર સાહેદ તેઓની સાથે લાવેલ લાશ પરના સેમ્પલ સીલ બંધ હાલતમાં એફ.એસ.એલ. માં મોકલવા માટે પોલીસ અધિકારીને આપેલ ફોર્મની ઓફિસ કોપીમાં ભરેલ વિગતો તેઓના સાથી ડોકટરના હસ્તાક્ષરમાં હોવાનું અને તેની નીચે પેનલના તમામ ડોકટરોની સહી તથા સિકકા હોવાનું તેઓ ઓળખી બતાવી જેને પુરાવામાં આંક–૨૦ થી રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, સદર ફોર્મની પાછળ સદર વીસેરાની ચાર સીલ બંધ બોટલ પો.કો. બ. નં.૧૧૨૬ ને મળ્યા બાબતની સહી તથા શેરો કરેલ છે.

સદર સાહેદે આરોપી તર્ફેની ઉલટ તપાસમાં સાહેદ સ્વચ્છાએ જણાવે છે કે , માથાના વાળમાં કેરોસીનની હાજરી જોવા મળવાની શકયતાઓ નહીવત રહે.

(૧૭) વધુમાં આ કામે ફરિયાદ પક્ષે સાહેદ ભગવાનભાઈ હરિભાઈ બઘેલને આંક–૩૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સર–તપાસમાં જણાવેલ છે કે, તે સને ૨૦૦૪ માં અસલાલી ગામમાં બાલુભાઈ મુળજીભાઈ પટેલના મકાનમાં ઓરડીમાં ભાડેથી રહેતો હતો અને પાણીપુરીનો ધંધો કરતો હતો અને હાલમાં પણ પાણીપુરીનો ધંધો કરે છે. વધુમાં જણાવેલ છે કે, તેની ઓરડીમાં

બાજુમા કોણ રહેતુ હતુ તેની તેને હાલ ખબર નથી પરંતુ તેઓ તેમની પત્નિ સાથે રહેતા હતાં અને તેની બાજુના મકાનમાં ધુમાડાના ગોટા નીકળતા હતા ત્યારે તેઓ તેઓના ઘરના માલીકે પાસે ગયેલા અને તેઓના પડોશીએ તેની બાજુની ઓરડીમાં ધુમાડા નીકળતા હતા તેનું બારણુ તોડીને અંદર ગયેલ અને જોયેલ તો તેમના પત્ની સળગતા વચ્ચે પડેલ હતાં અને તે આગ ઓળવવા જતા તેઓ બંને પગે દાઝી ગયેલાં. વધુમાં જણાવેલ છે કે, આ તેમના પત્ની કયા કારણોસર સળગી ગયેલ તેની તેઓને ખબર નથી. વધુમાં જણાવેલ છે કે, આ બનાવ બપોરના સમયે બનેલ.

વધુમાં આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટ–તપાસ ધ્યાને લેતાં આ સાહેદે તેની ઉલટ–તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદર બનાવ બન્યો ત્યારે તે તેના ઘરે હાજર ન હતો. વધુમાં સ્વીકારેલ છે કે, પોલીસે ફકત તેનું નામ પુછેલું આ સિવાય બીજું તે કાંઈ જાણતો નથી. આમ, આ સાહેદની જુબાનીનું સમગ્રપણે મૂલ્યાંકન કરતાં આ સાહેદે ફરિયાદની હકીકત –ને સમર્થન આપેલ છે. પરંતુ સદર સાહેદ આ ગુના બાબતે તેઓ કાંઈ જાણતા ન હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. આમ, આ સાહેદની જુબાની પરથી આ કામના આરોપી સદર ગુનામાં સંડોવાયેલ હોય તે હકીકત સાબિત થતી નથી.

(૧૮) વધુમાં આ કામે ફરિયાદ પક્ષે સાહેદ મુન્નીબેન ભગવાનભાઈ બધેલને આંક–૩૨ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સર–તપાસમાં જણાવેલ છે કે, તે તથા તેના પતિ સને ૨૦૦૪ માં અસલાલી ગામમાં બાલુભાઈ મુળજીભાઈ પટેલના મકાનમાં ઓરડીમાં ભાડેથી રહેતા હતા અને ઘરે રહીને પાણીપુરી બનાવે છે અને હાલમાં પણ પાણીપુરી બનાવે છે. વધુમાં જણાવેલ છે કે, તેની ઓરડીમાં બાજુમા કોણ રહેતુ હતુ તેની તેને હાલ ખબર નથી પરંતુ તેઓ તેમની પત્નિ સાથે

રહેતા હતાં અને તેની બાજુના મકાનમાં ધુમાડાના ગોટા નીકળતા હતા ત્યારે તેઓ તેઓના ઘરના માલીકે પાસે ગયેલા અને તેઓના પડોશીએ તેની બાજુની ઓરડીમાં ધુમાડા નીકળતા હતા તેનું બારણુ તોડીને અંદર ગયેલ અને જોયેલ તો તેમના પત્ની સળગતા વચ્ચે પડેલ હતાં અને તે આગ ઓળવવા જતા તેઓ બંને પગે દાઝી ગયેલાં. વધુમાં જણાવેલ છે કે, આ તેમના પત્ની કયા કારણોસર સળગી ગયેલ તેની તેઓને ખબર નથી. વધુમાં જણાવેલ છે કે, આ બનાવ બપોરના સમયે બનેલ.

વધુમાં આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટ–તપાસ ધ્યાને લેતાં આ સાહેદે તેની ઉલટ–તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદર બનાવ બન્યો ત્યારે તે તેના ઘરે હાજર ન હતા. વધુમાં સ્વીકારેલ છે કે, પોલીસે ફકત તેનું નામ પુછેલું આ સિવાય બીજું તે કાંઈ જાણતા નથી. આમ, આ સાહેદની જુબાનીનું સમગ્રપણે મૂલ્યાંકન કરતાં આ સાહેદે ફરિયાદની હકીકત –ને સમર્થન આપેલ છે. પરંતુ સદર સાહેદ આ ગુના બાબતે તેઓ કાંઈ જાણતા ન હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. આમ, આ સાહેદની જુબાની પરથી આ કામના આરોપી સદર ગુનામાં સંડોવાયેલ હોય તે હકીકત સાબિત થતી નથી.

(૧૯) વધુમાં આ કામે ફરિયાદ પક્ષે સાહેદ દિનેશસિંહ હુકમસિંહ રાજપૂતને આંક–૩૩ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સર–તપાસમાં જણાવેલ છે કે, તેઓ ચાર ભાઈઓ છે અને એક બહેન હતાં. તેની બહેન સીમાના લગ્ન તેઓના સમાજના રીતિરીવાજ મુજબ અનિલભાઈ સાથે કરેલ હતાં અને લગ્ન બાદ તે તેની સાસરીમાં આવ–જા કરતી હતી. તેની બહેન સીમા અને તેના પતિ અનિલસિંહ અસલાલી મુકામે ભાડાના મકાનમાં રહેતા હતાં. વધુમાં જણાવેલ છે કે, સને ૨૦૦૪ માં તેને પોલીસના માણસો ધ્વારા જાણવા મળેલ કે અસલાલી

ગામે રહેતી તેની બહેન બળી ગયેલ છે. જેથી તે કદાડ્રાથી અસલાલી ગામે આવવા નીકળેલ અને અસલાલી પો.સ્ટે.થી તેને જાણવા મળેલ કે બપોરના તેનું ઘરનું બારણુ બંધ કરીને તે તેના શરીર ઉપર ડિઝલ નાંખીને જાતે સળગી ગયેલ છે. વધુમાં જણાવેલ છે કે, આ બાબતે તેના બનેવીને પુછતા તેમણે જણાવેલ કે, બનાવના દિવસે હું નોકરી ગયેલ નહી જેથી તેણે મને કહેલ કે તમે નોકરીએ ગયેલ કેમ નથી અને મને ગુટખા લેવા મોકલી બારણુ અંદરથી બંધ કરીને ડિઝલ નાંખીને જાતે સળગી મરણ ગયેલ છે. વધુમાં જણાવેલ છે કે, હું ગુટખા લઈને આવતા બારણુ બંધ હતુ અને અંદરથી ધુમાડા નીકળતા હતા જેથી મેં બુમાબુમ કરી બારણાને લાતો મારેલ જેથી બારણુ ખુલી ગયેલ અને જોયુ તો સીમા આખા શરીરે સળગતી હતી અને તેના ઉપર હું ચાદર નાખવા જતા મારો ડાબો પણ દાઝી ગયેલ અને હું બીકના કારણે ત્યાંથી ભાગી ગયેલ. વધુમાં જણાવેલ છે કે, તેની બહેન સીમા જાતે સળગી ગયેલ તેની તેને ખબર નથી અને તેના માતાપિતા આવી શકે તેવી પરિસ્થિતિમાં ના હોય તેની બહેનની લાશનો કબજો તેણે લઈને તેના અંતિમવીધી કરેલ. વધુમાં જણાવેલ છે કે, તેની બહેનને તેના બનેવી તરફથી કોઈપણ પ્રકારનો ત્રાસ ન હતો. તેમજ તેઓ વચ્ચે કોઈ દિવસ ઝગડો થયેલ નથી અને બનાવના એક મહિના પહેલા તેની બહેનને મળવા ગયેલ ત્યારે તેની બહેને તેના બનેવી બાબતે કોઈ ફરિયાદ કરેલ નહી. વધુમાં સદર સાહેદ આરોપીને ઓળખતા હોવાનું જણાવેલ છે.

વધુમાં આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટ–તપાસ ધ્યાને લેતાં આ સાહેદે તેની ઉલટ–તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદર બનાવ બન્યો ત્યારે તે તેના ઘરે ગામડે હતો. વધુમાં સ્વીકારેલ છે કે, પોલીસે ફકત તેનું નામ પુછેલું આ સિવાય બીજું તે કાંઈ જાણતો નથી. આમ, આ સાહેદની જુબાનીનું સમગ્રપણે મૂલ્યાંકન કરતાં આ સાહેદે ફરિયાદની હકીકત

–ને સમર્થન આપેલ નથી. આમ, આ સાહેદની જુબાની પરથી આ કામના આરોપી સદર ગુનામાં સંડોવાયેલ હોય તે હકીકત સાબિત થતી નથી.

(૨૦) આ કામે ફરિયાદપક્ષ તર્ફે આંક–૩૬ થી સાહેદ આઈ.ઓ. પો.સબ ઈન્સ. જયેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ વાઘેલાને તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેવામાં આવે તો સદર સાહેદ સને ૨૦૦૪ માં અસલાલી પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે ડી.વાય.એસ.પી. શ્રી બી.બી.પટેલનાઓના રૂબરૂની હુકમસિંહ બીન્દ્રાવનસિંહ ઠાકુરનાઓની ફરિયાદ લઈ, અસલાલી પો.સ્ટે. તરફ ગુનો દાખલ કરવા સારૂ મોકલતાં, પી.એસ.ઓ.એ આ કામના આરોપી વિરૂધ્ધ ફ.ગુ.ર.નં.૫૮/૨૦૦૪ થી આઈ.પી.સી. કલમ ૩૦૬, ૪૯૮(એ) તથા દ.પ્ર. ધારાની કલમ ૩,૭ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ અને આ ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલ. ત્યારબાદ આ કામના મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ તથા બનાવવાળી જગ્યાં –નું પંચનામુ કરેલ અને બનાવવાળી જગ્યાએથી એફ.એસ.એલ.ના અધિકારીની સુચના મુજબ મુદામાલ પંચો રૂબરૂ કબજે કરી શીલ કરી એફ.એસ.એલ.ને રિપોર્ટ કરી પરિક્ષણ સારૂ મોકલી આપેલ તેમજ આ કામમાં મરણજનારના સગા સંબંધી વતનથી આવતા તેઓના નિવેદનો લીધેલ અને આ કામમાં બનાવવાળી જગ્યાના આજુબાજુ ના નિવેદનો લીધેલ. વધુમાં જણાવેલ છે કે, આ કામના આરોપી આ કામમાં મરણજનારને એક સોનાની લકી અને રૂપિયાની વારંવાર માંગણી કરતા હતાં અને દારૂ પીવાની ટેવવાળા હતા અને તેને અવારનવાર મારઝુડ કરતા હતા અને તેણીને માનસિક તેમજ શારીરિક ત્રાસ આપતા હતાં. જેથી આ કામના આરોપીના માનસિક તેમજ શારીરિક ત્રાસ અને દહેવની વારંવાર માંગણી કરતા તેણીને લાગી આવતા, મકાન બંધ કરીને પોતાના શરીરે ડિઝલ છાંટીને સળગી જઈ મરણ ગયેલ હતાં. વધુમાં

જણાવેલ છે કે, આ કામમાં ફરિયાદીશ્રીની અનુરૂપ સાહેદો નિવેદનો લખાવતાં , લખી લીધેલાં અને આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય તપાસના અંતે તેમના વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. વધુમાં જણાવેલ છે કે, આ કામમાં ફરિયાદીનું તથા સાહેદનું પ્રથમ ડી.વાય.એસ.પી. શ્રી બી.બી.પટેલ નાઓએ નિવેદન લીધેલા. બાદ તેઓ શ્રીએ ફરિયાદીની તેઓના રૂબરૂની ફરિયાદ લઈ ગુનો રજીસ્ટર કરાવેલ છે અને આ કામના આરોપીને તેઓએ અટક કરી નામદાર કોર્ટમાં નિયત સમયમાં રજુ કરેલ. વધુમાં સદર સાહેદને માર્ક ૮/૧ થી રજુ થયેલ ફરિયાદ બતાવવામાં આવતાં, જે ડી.વાય.એસ.પી. શ્રી બી.બી.પટેલનાઓએ લીધેલ ફરિયાદ હોવાનું જણાવી, જેમાં ફરિયાદી તથા રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું તેઓ ઓળખી બતાવી જેને પુરાવામાં આંક−૩૭ થી રજુ કરેલ છે તેમજ સદર સાહેદને માર્ક ૮/૨ થી રજુ થયેલ સુચિપત્ર બતાવવામાં આવતાં, જેમાં નાયબ પોલીસ અધિક્ષક શ્રી શ્રી બી.બી.પટેલનાઓએ તૈયાર કરેલ હોવાનું જણાવી, તેમાં તેઓની સહી હોવાનું તેઓ ઓળખી બતાવી જેને પુરાવામાં આંક−૩૮ થી રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદને માર્ક ૮/૫ થી રજુ થયેલ એફ.એસ.એલ.નો પત્ર અને રિપોર્ટ, માર્ક ૮/૭ થી રજુ થયેલ સ્થળ પરીક્ષણનો રિપોર્ટ અને માર્ક ૮/૯ થી રજુ થયેલ એફ.એસ.એલ.ની પહોંચ, માર્ક ૮/૧૦ થી રજુ એફ.એસ.એલ.ની પહોંચ તથા માર્ક ૮/૧૨ થી રજુ થયેલ સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલેલ તેની યાદી બતાવવામાં આવતાં, જે તમામ તેઓએ સદર કામે સામેલ રાખેલ તે હોવાનું જણાવી જેને અનુક્રમે પુરાવામાં આંક−૩૯ થી ૪૩ સુધીનાં રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદને માર્ક ૮/૧૧ થી રજુ થયેલ રવાનગી નોંધ બતાવવામાં આવતાં, જે તેઓએ તૈયાર કરેલ તે હોવાનું જણાવી જેને પુરાવામાં આંક−૪૪ થી રજુ કરેલ છે.

સદર સાહેદે આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે

કે, ફરિયાદ તેઓની રૂબરૂ આપવામાં આવેલ નથી. વધુમાં એ હકીકતને ઈન્કારેલ છે કે, સદર કામે લીધેલ નિવેદનો ફરિયાદના અનુરૂપ તેઓએ જાતે લખી લીધેલ છે. વધુમાં સ્વીકારેલ છે કે, સદર કામે લીધેલા નિવેદનો તેમની આજુબાજુના તેઓના જ સગાવ્હાલાઓના લીધેલ છે. વધુમાં ઈન્કારેલ છે કે, તેઓએ ગુનાવાળી જગ્યાએ ગયેલ નથી અને તે અંગેનું પંચનામુ ફરિયાદને અનુરૂપ તેઓએ જાતે તૈયાર કરી લીધા બાદ તેમાં પંચોની સહી કરાવેલ છે.

(૨૧) આમ, આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, મહત્વના સાહેદ એવા ફરિયાદીને સદર કામે તપાસવમાં આવેલ નથી.

(૨૨) આમ, ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા આ કામના આરોપી વિરૂઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૪૯૮(ક) તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૩, ૭ અન્વયેના સજાને પાત્ર ગુના અંગેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. હવે ઉપરોકત રજૂ થયેલ પુરાવાનું પુરાવાકીય ચર્ચા અનુસાર આ કામના ફરિયાદી એટલે કે મરણજનારના પિતાને જ સદર કામે તપાસવામાં આવેલ નથી અને સદર કામે તપાસાયેલ મરણ જનારના ભાઈની જુબાની લક્ષમાં લેતાં તેઓ બનાવ હકીકતને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત તેની સમગ્ર જુબાનીમાં જણાવતા નથી. આમ, સદર કામે મહત્વના સાહેદ એવા ફરિયાદીને સદર કામે તપાસાયેલ ન હોય તેમજ મરણજનારના ભાઈ ખૂબજ અગત્યના અને મહત્વના સાક્ષી હોવા છતાં તેઓ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત જણાવતા નથી, અને સમગ્ર જુબાની દરમ્યાન આ કામના આરોપી મરણજનાર ના પતિ થતા હોય, અને તેમણે તેમની પત્ની એટલે કે, મરણજનારને શારીરિક તથા માનસિક ત્રાસ આપી મેણાં–ટોણાં મારતા હોય અને દહેજમાં મોટર સાયકલ તથા તોલાની જાંજરી માંગતા હોય અને સીમાબેન કંટાળી જતાં રૂમ બંધ કરી પોતાના

શરીર ઉપર ડિઝલ રેડી આખા શરીરે દાઝી જઈ મોત નિપજાવેલ હોય, તેવું એક પણ સાહેદ કોર્ટ સમક્ષની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવતા ન હોય, ત્યારે સદર કામે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવો પણ આરોપી સામેનું તહોમત પુરવાર કરવા મદદરૂપ નિવડે નહી. આમ, ઉપરોકત પુરાવાકીય કરેલ તમામ હકીકતો લક્ષમાં લેતા આ કામના આરોપીએ તા.૧૨-૦૫-૦૪ ક. ૧૪/૩૦ વાગે મોજે અસલાલી જામપરામાં આ કામે મરણ જનાર સીમાબેનને શારીરિક તથા માનસિક ત્રાસ આપી મેણાં-ટોણાં મારતા હોય અને દહેજમાં મોટર સાયકલ તથા તોલાની જાંજરી માંગતા હોય, સીમાબેન કંટાળી જતાં રૂમ બંધ કરી પોતાના શરીર ઉપર ડિઝલ રેડી આખા શરીરે દાઝી જઈ મોત નિપજાવેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય, જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: હુ ક મ ::-

(૧) આ કામના આરોપી **અનિલસીંગ મુન્સીસીંગ શીવચરણસીંગ ઠાકુર (રાજપૂત)**, ઉ.વ. ૨૭, રહે. ગામ-જોહરપુર, તા.જી.બાંદા, ઉત્તરપ્રદેશ નાઓને ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬, ૪૯૮(ક) તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ-૩, ૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠારાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના જામીનખત રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અપીલ સમયના જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) અન્વયે રૂપિયા ૧૫,૦૦૦/- ના આપવા.

(૪) અપીલ સમય વિત્યેથી કબજે લેવાયેલ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં

આવે છે.

હુકમ આજ તા.૦૨ જી, માહે–એપ્રિલ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૨–૦૪–૨૦૨૫

**(આર.પી.એસ. રાઘવ)**
ચોથા એડિશનલ સેશન્સ જજ
અમદાવાદ(ગ્રામ્ય)નવરંગપુરા,
**(જજ કોડ નં.જીજે૦૧૫૦૮)**